**C.C.No.**3059/2025.

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJRJ050040112025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૪/૧૨/૨૦૨૫. |
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૪/૧૨/૨૦૨૫. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૩ ૫ |

= = = = ==========================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

= = = = ==========================================

**ક્રિમિનલ કેસ નં.૩૦૫૯/૨૦૨૫.**

**જે.સી.ગુ.ર.નં.૦૪૩૨/૨૦૨૫.**

**આંકઃ-**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ-** ચિરાગભાઈ ઉર્ફે ટકો ભગવાનજીભાઈ ઉનડકટ

ઉ.વ.૩૦ રહે.અમરનગર રોડ પટેલનગર

જેતપુર.જી.રાજકોટ.

============================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.

આરોપી તરફે વિદ્વાન વકીલ જે.કે.વ્યાસ

============================================

==========================================

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ.

==========================================

## // ચુ કા દો //

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦/૦૭/૨૦૨૫ના કલાકઃ ૧૪.૦૦ થી ૧૪.૩૦ આ કામનાં આરોપીએ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીસ દારુ રોયલ સ્ટેજ સુપીરીયર વીસ્કી ૭૫૦ એમ.એલ. ના બોટલ કુલ નંગ–૧૧ કિ.રૂ.૧૪,૩૦૦/– તથા ઓલ સીજન વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. બોટલો નંગ–૮ કિ.રૂ.૩૨૦૦/– કુલ કિ.રૂ.૧૭,૫૦૦/– નો મુદ્દામાલ રાખી મળી આવતા, ધી ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

**(૨)** આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ આંક–૦૪થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીની પ્લી લેતાં, આરોપીએ તેના ગુનાનો ઇનકાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મુખ્તારભાઈ હુશેનભાઈ મુસાણીની જુબાની. | ૦૬ |
| ૨ | પંચનામું. | ૦૭ |
| ૩ | પંચ સાહેદ ગોવિંદ લીલારામ મુલચંદાણીની જુબાની. | ૦૮ |
| ૪ | ફરિયાદ. | ૦૯ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પૂરો થયેલાનું જાહેર કર્યા બાદ ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબનો વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેમાં આરોપી પોતે નિર્દોષ છે એવું જણાવેલ છે અને ફરિયાદને ખોટી જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમરક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦/૦૭/૨૦૨૫ના કલાકઃ ૧૪.૦૦ થી ૧૪.૩૦ આ કામનાં આરોપીએ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીસ દારુ રોયલ સ્ટેજ સુપીરીયર વીસ્કી ૭૫૦ એમ.એલ.ના બોટલ કુલ નંગ-૧૧ કિ.રૂ.૧૪,૩૦૦/-

તથા ઓલ સીજન વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. બોટલો નંગ–૮ કિ.રૂ.૩૨૦૦/– કુલ કિ.રૂ.૧૭,૫૦૦/– નો મુદ્દામાલ રાખીમળી આવતા, આરોપીએ ધી પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**//નિર્ણય માટેનાં કારણો//**

(૦૮) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૦૭થી પંચનામું રજૂ કરી, સદરહુ પંચનામાના પંચ સાહેદ મુખ્તારભાઈ હુશેનભાઈ મુસાણી ને આંક–૦૬થી તથા સદરહુ પંચનામાના બીજા પંચ સાહેદ ગોવિંદ લીલારામ મુલચંદાણીને આંક–૦૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને પંચ સાહેદો તેઓની જુબાની દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થનકારક હકીકતો જણાવતાં ન હોય, ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત બન્ને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ ઉપરોક્ત બન્ને પંચ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક એવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા

પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૦૯) આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો, આ કામના મહત્ત્વના ગણી શકાય તેવા સ્વતંત્ર સાહેદ તરીકે પંચસાહેદો અને જેઓએ હાલના આરોપી પાસેથી આક્ષેપિત મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)**માં પ્રસિધ્ધ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચસાહેદ ફરિયાદપક્ષે ફરી ગયેલા પંચસાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિ. નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા "AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C.52570"માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જ્યારે કેસમાં અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને પંચસાહેદ હોસ્ટાઇલ થયેલા હોઇ, ત્યારે માત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં ચાર્જશીટ જોતા હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ ચાર્જશીટ જોતાં પણ આ કામના ફરિયાદી એ પોલીસ સાહેદ છે અને જેઓ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપે તે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે સ્વતંત્ર ગણી શકાય તેવા પંચ

સાહેદોએ કેસની હકીકતોને કોઇ જ સમર્થન આપેલ ન હોઈ માત્ર પોલીસ સાહેદના પુરાવાનો આધાર લઈ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા એ સલામતી ભર્યુ ગણી શકાય તેમ નથી. આ કામે ફરિયાદીએ આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કર્યાની હકીકત પોતાની ફરીયાદમાં જણાવેલ છે. પરંતુ તેને પંચ સાહેદોએ સમર્થન કરેલ નથી. આમ, સદરહું કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો જોઇએ તો, તપાસ કરનાર અમલદાર દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચનામાની હકીકત ફરિયાદપક્ષે સાબિત થતી નથી. તેમજ સદર કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીના શરીરના બાંધાનું વર્ણન કરેલ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીએ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ખરેખર ઇંગ્લીસ દારૂ છે તે પુરવાર કરવા માટે તે દારૂની બનાવટ તથા તેની ઉત્પાદક કંપની તથા બોટલો ઉપરનું સીલ અસલ હોવાનું નિઃશંકપણે પુરવાર કરવુ પડે. આ અંગે **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ ભીમાભાઇ કાલીદાસ પટેલ ૧૯૮૫ જી.એલ.આર.૭૪૫</u>** ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે એવુ ઠરાવેલ છે કે, ૧૧૬(બી)નું અનુમાન કરતા પહેલા એવુ પુરવાર કરવુ પડે કે અસલ સીલ હતુ અને જાણીતી બ્રાન્ડ અને ઉત્પાદક કંપનીનું નામ અસલ હતુ પરંતુ આવો પુરાવો

હાલના કામે રજૂ થયેલ નથી. જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતુ ન હોય આરોપીને શંકાના લાભ મળવાપાત્ર છે. આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા ચાર્જશીટમાં જણાવેલ આરોપી દ્વારા તેમના અંગત કબજામાં ઇંગ્લીશ દારૂ રાખતા હોય તેવી કોઇ હકીકત નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આમ, સદરહું કામનો મુદ્ધામાલ ઇંગ્લીસ દારૂ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે તથા સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને સ્વતંત્ર અને સમર્થનકારક પુરાવાના અભાવે હાલના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય તેવું જણાઇ આવતું નથી. આમ, આ કામેના પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્ધા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી મુદ્ધા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**//આખરી હુકમ//**

- આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે રજૂ થયેલ મુદ્ધામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્ધામાલ ઇંગ્લીશ દારૂની બોટલોનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/– ના જામીન રજૂ કરવા.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મેૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC–GJ01563.

Typed by:– K.M.Vaja,
Gujarati Stenographer